ગાંધીનગર સમાચાર

# મોદીની યાત્રાને લઈને અભૂતપૂર્વ સુરક્ષા

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પ્રવાસી

ભારતીય દિવસ કાર્યક્રમને લઇને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અરેબિયન દરિયામાં ટેરર બોટના બનાવના અનુસંધાનમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. પ્રવાસી ભારતીય દિવસનો આ વખતે વધારે ઉત્સાહ છે. કારણ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા સાથે પણ ખુબ જ નજીકના સંબંધો સ્થાપિત કર્યા છે. પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ કાર્યક્રમને લઇને હજારો સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સમગ્ર ગાંધીનગર છાવણીમાં ફેરવાઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મહત્તમ સુરક્ષા આપવામાં આવી હતી. આ ઉપરાંત, પોલીસ હાઈએલર્ટ ઉપર છે. તા. ૭થી ૧૩ સુધી અમદાવાદમાં ૧૫,૦૦૦ પોલીસકર્મી, અધીકારીઓ સ્ટેન્ડ ટુ રહેશે. સ્થાનિક ૧૦,૦૦૦ પોલિસકર્મી અને અધિકારીઓ ઉપરાંત બહારથી ૬ ડીસીપી, ૧૦ ડીવાય.એસ.પી., ૨૦ પી.આઈ., એસઆરપીની ૮ કંપની, આરએએફ ની બે કંપની, ચેતક કમાન્ડો ફોર્સના બે યુનિટ, ૧૦૦ સીસીટીવી કેમેરા ઉપરાંત એનએસજી કમાન્ડો સહીતનો કાફલો તહેનાત કરવામાં આવ્યો છે. અમદાવદમાં તા. ૭થી ૧૩ સુધી શાહીબાગ ઉપરાંત અન્ડરબ્રિજની એરપોર્ટ સુધીનો રસ્તો બંધ છે. એરપોર્ટ આસપાસના અનેક માર્ગો બંધ છે પણ વિદેશી મહાનુભાવો શહેરની મધ્યમાં આવેલી ૧૭ હોટલોમાં રહેવાના છે. ૧૦૦ જેટલા મહાનુભાવો કાફલા પોલીસ એસ્કોર્ટ હેઠળ ટ્રાફિક વચ્ચેથી પસાર થશે. અમદાવાદ શહેર અને ગાંધીનગરમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

## મોદીએ ૧૦૦ રૂપિયાનો સિક્કો જારી કર્યો

ગાંધીનગર, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પ્રવાસી ભારતીય દિવસની શરૂઆત કરાવતી વેળા પોતાના સંબોધનમાં ૧૦૦ રૂપિયાનો સિક્કો જારી કર્યો હતો. મોદીએ ૧૦૦ રૂપિયા ઉપરાંત ૧૦ રૂપિયાનો સિક્કો પણ જારી કર્યો હતો. મહાત્મા ગાંધીની વાપસીના ૧૦૦ વર્ષના પ્રસંગે ૨૫ અને પાંચ રૂપિયાના સ્ટેમ્પ પણ જારી કરાયા હતા.આ સિક્કાની એક તરફ મહાત્મા ગાંધીના યુવાનીના દિવસોનો ફોટો છે જ્યારે બીજી બાજુ વૃદ્ધરાષ્ટ્રપિતા છે. મોદીએ કહ્યું હતું કે, ૨૦૦થી વધુ દેશોમાં ભારતીય લોકો રહે છે. પ્રવાસીઓના કારણે ભારતને વૈશ્વિક ઓળખ મળી છે. ભારત કો જાનો એક ઓનલાઈન પ્રતિયોગિતા શરૂ કરવાની મોદીએ વાત કરી હતી જેથી લોકો ભારત અંગે જાણી શકે. આનાથી વિદેશમાં રહેનાર ભારતીયો પણ સામેલ થશે.

## મંદી પર બ્રેક : સેંસેક્સમાં ૩૬૬ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ, તા.૮

શેરબજારમાં આજે છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી મંદી ઉપર બ્રેક મુકાઈ ગઈ હતી. આજે કારોબારના અંતે વૈશ્વિક બજારમાં તેજી વચ્ચે શેરબજારમાં પણ તેજી રહી હતી. સેંસેક્સ ૩૬૬ પોઈન્ટ ઉછળીને ૨૭૨૭૫ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૩૩ પોઈન્ટ ઉછળીને ૮૨૩૫ની સપાટીએ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ બુધવારના દિવસે ૧૦૭૩.૧૮ કરોડની કિંમતના ઈક્વિટી શેરનું વેચાણ કર્યું હતું. તમામ સેક્ટરલ ઈન્ડેક્સ આજે તેજીમાં રહ્યા હતા. બીએસઈ રિયાલીટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૬ ટકાનો ઉછાળો રહ્યો હતો. બેંકેક્સ, એફએમસીજી, પાવર, ઓટો અને કેપિટલ ગુડ્ઝમાં પણ તેજી રહી હતી. ફાયનાન્સિયલ શેરોમાં લેવાલીનો દોર રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, એચડીએફસી, એસબીઆઈ, એક્સિસ બેંકમાં ૦.૮થી ૨.૫ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. કોટક મહિન્દ્રામાં ૫.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. કેટલાક શેરમાં નિચલી સપાટીએ લેવાલી જામી હતી. કોલ ઈન્ડિયામાં ૦.૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. શેરબજારમાં તેજી માટે અન્ય પરિબળો પણ જવાબદાર રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૮ સુધીનો સુધારો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ આજે ખુબ મજબૂત રહી હતી. ૨૦૫૦ શેરમાં તેજી અને ૮૨૫ શેરમાં મંદી રહી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે મંદીનો દોર જારી રહ્યો હતો. કારોબારના અંતે બુધવારે સેંસેક્સ સતત બીજા સેશનમાં ૨૭૦૦૦થી નીચે પહોંચીને બંધ રહ્યો હતો. પસંદગીના ઈન્ડેક્સ હેવીવેઈટમાં ઘટાડો રહ્યો હતો. ઓઈલ એન્ડ ગેસના શેરમાં રિબાઉન્ડની સ્થિતિ રહી હતી. તાજેતરમાં કાયદાઓમાંથી બહાર નિકળીને શેરબજારમાં સ્થિતિમાં સુધાર થઈ રહ્યો નથી. ગઈકાલે કારોબારના અંતે સેંસેક્સ ૭૯ પોઈન્ટ ઘટીને ૨૬૯૦૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૫ પોઈન્ટ ઘટીને ૮૧૦૨ની સપાટીએ રહ્યો હતો. બુધવારના દિવસે બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી.

## પેરિસ હુમલોનો સૌથી યુવા હુમલાખોર અંતે શરણે થયો

પેરિસ,તા. ૮

ફ્રાન્સના પાટગર પેરિસમાં મેગેઝીનની ઓફિસમાં કરવામાં આવેલા હુમલામાં સામેલ રહેલા ત્રણ હુમલાખોરો પૈકી સૌથી યુવાન હુમલાખોરે પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી છે. જ્યારે અન્ય બેની વ્યાપક શોધખોળ ચાલી રહી છે. પેરિસ અને અન્ય જગ્યાએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. ગુપ્ત સ્થળો પર પણ તપાસ કરવામાં આવી રહી છે. ત્રણ હુમલાખોરો પૈકી એક

૧૮ વર્ષીય હમીદ મોરાદે શરણાગતિ સ્વીકારી લીધી છે. રાત્રે ૧૧ વાગે તે પોલીસને શરણે થઇ ગયો હતો. જ્યારે પેરિસ અને અન્ય શહેરોમાં હુમલાના વિરોધમાં હિંસક દેખાવો કરવામાં આવી રહ્યા છે. વિશ્વભરમાં આ હુમલાની ટિંકા થઇ રહી છે.તમામ ત્રણેય ઇસ્લામિક કટ્ટરપંથીઓની ઓળખ કરી લેવામાં આવી છે. એવુ જાણવા મળ્યું છે કે હુમલામાં સામેલ એક શખ્સ અગાઉ હુમલાના મામલે દોષિત જાહેર કરવામાં આવી ચુક્યો છે. પેરિસમાં એક મેગેઝિનની ઓફિસ પર બંદૂકધારીઓ દ્વારા કરાયેલા હુમલામાં એડિટર સહિત ૧૨ લોકોના મોત થયા હતા. માર્યા ગયેલાઓમાં બે પોલીસ જવાન પણ સામેલ છે. સાર્લી અબ્દો નામના મેગેઝિનની ઓફિસ પર આ હુમલો કરાયો હતો. સાર્લી અબ્દો એક ટિકાત્મક મેગેઝિન છે અને વર્ષ ૨૦૦૬માં પેંગમ્બર મોહમ્મદના કાર્ટૂન બનાવવા મામલે તેની ચર્ચા રહી હતી. કાળા રંગના બુરખામાં કેટલાક હુમલાખોર એકે ૪૭ સાથે ઇમારતમાં ઘુસી ગયા હતા અને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. ૧૨ લોકોના મોત ઉપરાંત અન્ય ૧૦ લોકો ઘાયલ થયા છે. માર્યા ગયેલાઓમાં મેગેઝીનના એડિટર સ્ટીફન અને ૧૦ પત્રકારોનો સમાવેશ થાય છે. હુમલાખોરો જોરશોરથી બૂમો પાડી રહ્યા હતા. એક મહિલા સાક્ષીએ માહિતી આપતા કહ્યું છે કે, હુમલાખોરો ફ્રેન્ચ ભાષામાં વાત કરી હતી. અલકાયદા સાથેના ત્રાસવાદીઓ હોવાની વિગત મળી છે.

**સૈનિકોને રક્ષણ આપવાનો મુખ્ય હેતુ**

## સરહદે આધુનિક બંકરો બનાવવાની તૈયારી શરૂ

નવીદિલ્હી, તા. ૮

જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને કાશ્મીરમાં અંકુશરેખા ઉપર વારંવાર યુદ્ધવિરામના ભંગના અનુસંધાનમાં સરકારે ભારતીય સૈનિકોના રક્ષણ માટે હવે કેટલાક પગલા લીધા છે જેના ભાગરુપે ભારત પાકિસ્તાન સરહદ ઉપર અતિઆધુનિક બંકરોનું નિર્માણ કરવામાં આવશે. નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજીત દોવલની યાદીમાં કેટલાક પગલાઓનો ઉલ્લેખ છે જે પૈકી એક પગલારુપે આંતરરાષ્ટ્રીય સરહદ અને એલઓસી પર તમામ અતિઆધુનિક બંકરો બનાવવાની હિલચાલ છે. આ બંકરો ભારતને વિવિધરીતે મદદરુપ થશે. ખરાબ હવામાનમાં પણ સૈનિકોને મદદરુપ થશે. સાથે સાથે પાકિસ્તાન તરફથી ગોળીબાર અને તોપમારાની સ્થિતિમાં રક્ષણ આપશે. છેલ્લા થોડાક મહિનાઓમાં પાકિસ્તાની ગોળીબાર અને તોપમારામાં કેટલાક જવાનો અને નાગરિકોના મોત થયા છે. મોટા ભાગના યુદ્ધવિરામના સંદર્ભમાં નિષ્ણાતોનું કહેવું છે કે, ભારતીય પોલીસની અંદર આતંકવાદીઓને ઘુસાડવાના હેતુસર ગોળીબાર થઈ રહ્યા છે. હજારો લોકોનું સ્થળાંતર પણ થયું છે. ગોળીબારના કારણે સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. આવનાર દિવસોમાં બંકરોના નિર્માણની ગતિવિધિમાં તેજી આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

## સુનંદા કેસ : શશી થરુરને કોઇ નોટિસ અપાઈ નથી

નવીદિલ્હી, તા.૮

દિલ્હી પોલીસે સુનંદા પુષ્કર રહસ્યમય મોત કેસના સંદર્ભમાં કોંગ્રેસના સાંસદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરુરને કોઇ નોટિસ જારી કરી હોવાનો ઇન્કાર કર્યો હતો. પત્રકારો સાથે વાતચીત કરતા દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સીએ કહ્યું હતું કે, આ કેસમાં તપાસ કરવા ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવી ચુકી છે. ચાવીરુપ સાક્ષીઓની યાદી પણ તૈયાર કરી લેવામાં આવી છે. હજુ સુધી શશી થરુરને કોઇ નોટિસ આપવામાં આવી નથી. બસ્સીનું સૂચન એવા સમયે આવ્યું છે જ્યારે મિડિયામાં અહેવાલ આવ્યા હતા કે, શશી થરુર સામે નોટિસ જારી કરાઈ છે. બીજી બાજુ થરુરે આજે કહ્યું હતું કે, પોલીસ તરફથી કોઇ નોટિસ મળી નથી. દિલ્હી પોલીસે ગઈકાલે એમ કહીને ચર્ચા જગાવી હતી કે, પૂર્વ પ્રધાનને નોટિસ આપવામાં આવી છે. રહસ્યમય મોત મામલામાં તપાસ કરવા તેમને પ્રશ્નો કરવામાં આવશે. કાયદેસરની નોટિસ હત્યા કેસમાં તપાસ માટે થરુરને આપવામાં આવી છે. સીઆરપીસીની કલમ ૧૬૦

હેઠળ પુછપરછ કરાશે. શશી થરુર હાલમાં કેરળમાં આયુર્વેદિક હોસ્પિટલમાં છે. પોલીસે મંગળવારના દિવસે સુનંદા કેસમાં આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ હત્યાનો કેસ દાખલ કર્યો હતો. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ વાસ્તવિકતા રજૂ કરવા થરુરને અપીલ કરી હતી. બુધવારના દિવસે બસ્સીએ કહ્યું હતું કે, કેસમાં તપાસ કરવા સીટની રચના કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી પોલીસે મંગળવારે ધડાકો કર્યો હતો કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરુરના પત્નિ સુનંદા પુષ્કરે આત્મહત્યા કરી ન હતી પરંતુ તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસના આવા ઘટસ્ફોટથી સમગ્ર મામલામાં નવો વળાંક આવી ગયો હતો. આ ઘટસ્ફોટથી કોંગ્રેસના નેતા શશી થરુર ઉપર દબાણ વધે તેવા સંકેત છે. શશી થરુરની પુછપરછ કરવામાં આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. આઈપીસીની કલમ હેઠળ દિલ્હી પોલીસે હત્યાનો કેસ દાખલ કર્યો હતો. સુનંદા પુષ્કર ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે લકઝરી હોટલમાં રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવી હતી. સુનંદાના મામલામાં આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ કેસ નોંધીને તપાસ હાથ ધરાઈ છે. એમ્સ તરફથી મેડિકલ અહેવાલ મળી ચુક્યો છે. સુનંદાને ઝેર આપવામાં આવ્યું હતું. તેને ઇન્કજેક્શન મારફતે અથવા તો મો મારફતે દવા પીવડાવવામાં આવી હતી. મેડિકલ અને ફોરેન્સિક રિપોર્ટના આધાર પર આ તારણ આવ્યા છે. કુદરતી મોત સુનંદાનું ન હતું. ૨૯મી ડિસેમ્બરના દિવસે તેને મેડિકલ રિપોર્ટ મળ્યો હતો. પુષ્કરને કેટલા પ્રમાણમાં ઝેર અપાયું હતું તેમાં તપાસ ચાલી રહી છે.

## ભારતમાં ઔડીના વેચાણમાં વધારો નોંધાયો

અમદાવાદ,તા.૮

જર્મન લકઝરા કાર ઉત્પાદક કંપના ઓડીએ ભારતમાં વર્ષ ૨૦૧૪માં ૧૦,૮૫૧ યુનિટોનું વેચાણ કરીને લકઝરી કાર ક્ષેત્રમાં નવો વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે. ઓડી ઈન્ડિયાવનું ભારતમાં આ સંળગ સાતમું વર્ષ છે. ગયા વર્ષે કંપનીએ ૧૦,૦૦૦ યુનિટોનું વેચાણ કરીને ભારતમાં લકઝરી કાર ઉત્પાદક ક્ષેત્રેમાં સૌથી વધુ કારોનું વેચાણ કરવાનું શ્રેય મેળ્યું હતું. ઓડી ઈન્ડિયાએ સતત બીજા વર્ષે ૧૦,૦૦૦ કારની સપાટીને વટાવી છે. વર્ષ ૨૦૧૪નાં છેલ્લા ક્વાર્ટરમાં ભારે માંગને કારણે ઓડી ઈન્ડિયને ૩૦૪૪ યુનિટોનું વેચાણ કરીને નવું જ સિમાચિહ્ન પ્રસ્થાપિત કર્યુ હતું. ઓડી ઈન્ડિયાના અધ્યક્ષ જોકિંગનાં જણાવ્યા અનુસાર, લકઝરી કાર બજારમાં ઓડી ઈન્ડિયા નંબર વનનું સ્થાન ધરાવે છે. આ દેશમાં અમારી બ્રન્ડનો દૃઢ સ્વીકાર અમારા માટે ગૌરવપૂર્ણ છે. અમે માનીએ છીએ કે ઓડી ઈન્ડિયાને લાંબી યાત્રા છે અને તે માત્ર મહિના કે વર્ષ નથી. ઓડી માત્ર નેતૃત્વ ધરાવે છે એવું જ નથી, પરંતુ તે ઓડી આરએસ વી૧૦ પ્લસથી લઈને ઓડી આરએસ૭ સુધીની સમગ્ર શ્રેણીમાં શ્રેષ્ઠ પરફોર્મન્સ ધરાવતી કાર પણ છે.

ગયા સપ્તાહમાં જ હરીફ કંપની મર્સિડીઝ બેંઝ ઈન્ડિયાએ ભારતમાં વાર્ષિક વેચાણમાં ૧૩ ટકાનો નોંધાવ્યો હતો. ૨૦૧૪માં મર્સિડીઝ બેંઝની ૧૦૨૦૧ યુનિટનુંવેચાણ થયુંહતું. ૨૦૧૩માં મર્સિડીઝની ૯૦૦૩ કાર વેચાઈ હતી. જ્યારે બીએમ ડબલ્યુ ઈન્ડિયા દ્વારા ૨૦૧૪ માટેના વેચાણના આંકડા જારી કરાયા નથી. ઓડીની કાર અને મર્સિડિઝ વચ્ચે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. બીએમડબલ્યુ દ્વારા પણ સ્પર્ધામાં સામેલ રહેવાના પ્રયાસ થઇ રહ્યા છે. છેલ્લા બે વર્ષના ગાળામાં ૧૦૦૦૦થી વધુ ગાડી ઓડીની વેચાઈ છે.

## સમાચાર ઝલક

- સેલવાસની આલ્ફા પેકેજિંગમાં બ્લાસ્ટ ૬ કામદારોનું મોત.
- ગુજરાતમાં કપાસ-મગફળી બાદ ડુંગળી-બટાટા -જામફળ પકવનારા કિસાનોની કંગાળ હાલ.
- કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં ખેડૂતોના ટેકામાં તા.૧૦ મીએ ગામડાં બંધનું એલાન.
- સુરતમાં ઓક્ટોબર સુધીમાં વિશ્વ કક્ષાનો એમ્યુઝમેન્ટ પાર્ક શરૂ થશે.
- અસલાલી હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરથી બે પોલીસના મોત.
- ગુજરાતમાં મોંઘવારી વચ્ચે ઉત્તરાયણ પર્વનો લોકો ઉત્સાહ ૫૦૦ કરોડનો દોર-પતંગનો ઉદ્યોગ થશે.
- જહોન કેરી ૧૧ મીએ સાણંદમાં ફોર્ડના પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.
- તા.૯મી જાન્યુઆરીએ બજરંગ દાસ બાપાની ૩૮મી પુણ્યતિથિ ધામધૂમથી બગદાણામાં ઉજવાશે.
- વાઈબ્રન્ટ અસર :- એક મહિનામાં પંદર હજાર શંકાસ્પદની અટકાયત.
- કચ્છના રણમાં પૂ.મોરારી બાપુની રામકથા ભુજમાં પૂ.રમેશભાઈ ઓઝાની ભાગવત કથા.
- ગુજરાત-સૌરાષ્ટ્રમાં ધુમ્મસ-ઝાકળનું આવરણ હવાઈ-વાહન વહેવાર પર અસર પડી.
- અમદાવાદ રેલ્વે સ્ટેશન પર વાઈફાઈ સેવાનો પ્રારંભ.
- શનિ શિંગણાપુરમાં બેંકોને પણ દરવાજા નથી.
- મનરેગાના લાભાર્થીઓના ખાતામાં વેતન સીધું જમા થશે.
- સોનાની આયાત-જકાતમાં ઘટાડાના સંકેત ઝવેરીઓ સાથે મંત્રણાઓ.
- પતિ કે પત્નિ જેલમાં સેક્સએ કેદીનો મૌલિક અધિકાર પંજાબ હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો.
- ગુજરાતની જેમ જ કોલકત્તામાં ગ્લોબલ બિઝનેશ મીટ યોજાઈ.
- ઈમિગ્રેશન કલીયરન્સ માટે તા.૧૬ મી જાન્યુઆરી થી ડિજિટલ સટીનો અમલ થશે.
- નવી દિલ્હી-લાહોરની બસ રૂટ મર્યાદિત રૂટ શરૂ કરશે.
- સ્લિમ અભિનેત્રી દિપિકા અને અભિનેતા રણવીરસિંહના રોમાંસથી ભારે ચર્ચા.
- ઉદ્યોગ જગતે ટેક્ષમાં ઘટાડો કરવા માંગણી કરી.
- દેશમાં મોટા હુમલાનો ભય હજુ યથાવત ઘુસણખોરોનો પ્રયાસ.
- આંધ્રમાં બસ અકસ્માતમાં ૧૫ વિદ્યાર્થીઓનાં મોત.
- ક્રુડ ઈફેક્ટ ૪૭.૨૫ ડોલરની નીચે સપાટીએ.
- ચીનમાં વિશ્વની સૌથી લાંબી હાઈસ્પીડ ટ્રેન શરૂ થશે.

## વિહિપના મેગેઝિનમાં કરિનાના ફોટાથી વિવાદ

નવી દિલ્હી,તા. ૮

લવ જેહાદનો મુદ્દો ફરી એકવાર સપાટી ઉપર આવ્યો છે. આ મામલે હવે બોલીવુડની અભિનેત્રી કરિના કપૂરને પણ ખેંચી લેવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદના મહિલા મેગેઝિન હિમાલય વાહિનીના કવર પેજ ઉપર કરિનાનો બનાવટી ફોટો મુકવામાં આવ્યો છે. મેગેઝિને દાવો કર્યો છે કે, લવ જેહાદના મુદ્દાની આમા વાત થઇ છે. મુસ્લિમ પુરુષો સાથે લગ્ન કરી રહેલી હિન્દુ મહિલાઓની આમા વાત કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદના પ્રકાશ શર્માએ આ અંગે ખુલાસો કરતા કહ્યું છે કે, કરિનાના કેસમાં કોઇ તકલીફ નથી. કરિનાને કોઇ તકલીફ હોય તો તે કોર્ટના દરવાજા ખટખટાવી શકે છે. મેગેઝિને એવો દાવો પણ કર્યો છે કે, ઘરવાપસીનો મુદ્દો આમા ઉઠાવવામાં આવ્યો છે.

## આઈટી કેસમાં જયા સામે વિભાગીય કાર્યવાહી પૂર્ણ

ચેન્નાઈ, તા.૮

અન્નાદ્રમુકના વડા જયલલિતા અને શશીકલા સામે આવકવેરા વિભાગની કાર્યવાહીનો અંત આવી ગયો છે. ચાર કેસોમાં તેમની સામે કાર્યવાહી ચાલી રહી હતી. ફીની રકમ સ્વીકારી લેવા અંગે વિભાગ દ્વારા આદેશ જારી કરાયા બાદ આઈટી કેસમાં જયા સામે વિભાગીય કાર્યવાહી પાછી ખેંચી લેવામાં આવી છે. આજે સુનાવણી માટે આ કેસ હાથ ધરવામાં આવ્યા બાદ જયલલિતા અને અન્ય તરફથી ઉપસ્થિત રહેલા વકીલે કહ્યું હતું કે, મેમો મારફતે અંતિમ આદેશો આવી ગયા છે. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ માહિતી આપવામાં આવી હતી. આઈટી વિભાગ માટેના પબ્લિક પ્રોસીક્યુટર કે રામાસ્વામીએ કહ્યું હતું કે, આ કેસ પાછો ખેંચી લેવા માટે તેઓ અરજી કરી રહ્યા છે.

આ મામલાની સુનાવણી અંતિમ આદેશ માટે બપોરે ત્રણ વાગે રાખવામાં આવી હતી. ગયા વર્ષે પહેલી ડિસેમ્બરે જયલલિતા અને શશીકલાએ વ્યક્તિગત ક્ષમતા અને કંપની હેઠળ ૧.૯૯ કરોડ રૂપિયા ફી રુપે ચુકવી દીધા હતા. તેમની સામે ૧૯ વર્ષ જુના કેસનો હવે અંત આવી ગયો છે. ઈન્કમટેક્સ એક્ટ હેઠળ ગુના બદલ જયલલિતાએ ૩૦૮૩૮૮૭ રૂપિયા ચુકવ્યા છે જ્યારે શશીકલાએ ૨૮૦૭૮૭૨ રૂપિયા ચુકવ્યા છે. શશી એન્ટરપ્રાઈઝે ૭૫૩૩૩૩૦ રૂપિયા ચુકવ્યા હતા. જયલલિતા અને અન્યોને કેસનો નિકાલ લાવવા માટે નાણા ચુકવી દેવા કહેવામાં આવ્યું હતું. જયલલિતા અને અન્યો આના માટે તૈયાર થઈ જતા હવે કેસનો અંત આવ્યો છે. છેલ્લા ૧૯ વર્ષથી જયલલિતા અને શશીકલા સામે વિભાગીય કાર્યવાહી ચાલી રહી હતી.

## કેટલાક નિવેદનથી ભાજપને નુકશાન : અમિત શાહ

હૈદરાબાદ,તા. ૮

ભાજપ પ્રમુખ અમિત શાહે આજે કબૂલાત કરી હતી કે, ધર્માંતરણના મુદ્દે પક્ષના કેટલાક નેતાઓના નિવેદનના કારણે પક્ષની પ્રતિષ્ઠાને નુકસાન થઈ રહ્યાં છે. હૈદરાબાદમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું હતું કે, જ્યારે અમારા

ધારાસભ્યો અથવા સાંસદો આવા નિવેદન આપે છે ત્યારે ભાજપને નુકસાન થાય છે. શાહે કહ્યું હતું કે, કંઈ પણ નિવેદન કરતી વેળા સંયમ જાળવી રાખવા અનેક વખત પક્ષના સાથીઓને કહેવામાં આવ્યું છે. ચાર બાળકોને જન્મ આપવા ભાજપના સાંસદ સાક્ષી મહારાજના નિવેદન અંગે શાહે કહ્યું હતું કે, પક્ષ આ બાબતથી સહમત નથી. સાક્ષી મહારાજનો અંગત મત છે. ભાજપ સાથે આને કોઇ લેવાદેવા નથી. દરમિયાન ભાજપના પ્રવક્તા નરસિંહા રાવે આજે કહ્યું હતું કે, સાક્ષી મહારાજના કહેવાતા સૂચન સાથે પક્ષ સહમત નથી. ઉનાઉના સાંસદ સાક્ષી મહારાજના સૂચનને લઈને ભારે હોબાળો થયેલો છે. ભાજપના નેતા નલિન કોહલીએ કહ્યું છે કે, પક્ષના નેતાના નિવેદનથી પાર્ટી અલગ મત ધરાવે છે. ભાજપની નીતિ જુદી છે. મંગળવારના દિવસે મેરઠમાં એક કાર્યક્રમમાં સાક્ષી મહારાજે એમ કહીને સનસનાટી મચાવી દીધી હતી કે એવો સમય આવી ગયો છે જ્યારે એક મહિલાએ ચાર બાળકોને જન્મ આપવો જોઈએ. ઘરવાપસી અંગે એમઆઈએમના પ્રમુખ અસાસુદ્દીન ઓવાસીના સૂચન અંગે ટિપ્પણી કરતા તેમણે કહ્યું હતું કે, બળજબરીપૂર્વક ધર્માંતરણને મજબૂત અને સર્વગ્રાહી કાયદા સાથે જ રોકી શકાય છે. આ કમનસીબ બાબત છે કે, આના માટે કોઈ પણ કહેવાતા બિનસાંપ્રદાયિક પક્ષો આગળ આવ્યા નથી. ધર્માંતરણ વિરોધી કાયદા માટે સરકારે પહેલાથી જ સૂચન કર્યું છે. મિડિયામાં ચર્ચા દ્વારા આ ઝુંબેશને રોકી શકાશે નહીં.